# Third Round of Foreign Office Consultations between India and El Salvador

September 18, 2021

# ભારત અને અલ સાલ્વાડોર વચ્ચે વિદેશ મંત્રાલયની વાટાઘાટનો ત્રીજો રાઉન્ડ

સપ્ટેમ્બર 18, 2021

1. ભારત અને અલ સાલ્વાડોર વચ્ચે ત્રીજી ફોરેન ઓફિસ કન્સલ્ટેશન (એફઓસી) 17 સપ્ટેમ્બર 2021ના રોજ સાન સાલ્વાડોર ખાતે યોજાઈ હતી. ભારતીય પક્ષનું નેતૃત્વ રિવા ગાંગુલી દાસ, સેક્રેટરી, (ઈસ્ટ)એ કર્યું હતું જ્યારે અલ સાલ્વાડોરનું નેતૃત્વ રાજદૂત એડ્રિયાના મારિયા મીરા, વિદેશ બાબતો, સંકલન અને આર્થિક પ્રાયોજનના ઉપમંત્રીએ કર્યું હતું.

2. એફઓસી દરમિયાન, બંને પક્ષોએ તેમની વચ્ચેના હૂંફભર્યા અને મૈત્રીપૂર્ણ સંબંધોની નોંધ લીધી અને આરોગ્ય, વેપાર અને રોકાણ, પર્યટન, જળચરઉછેર, ઉર્જા, પરિવહન, ઉડ્ડયન અને માળખા, સંસ્કૃતિ, કોન્સ્યુલર અને વિકાસ ભાગીદારી સહિતના તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોની સંપૂર્ણ સમીક્ષા કરી હતી. બંને પક્ષોએ જાહેર મુત્સદ્દીગીરીના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રયાસોની આપ-લે કરવાનું નક્કી કર્યું હતું.

3. બંને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્રમાં સહકાર સહિત સામાન્ય હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ પોતાના વિચારોની આપલે કરી હતી અને બહુપક્ષીય ક્ષેત્રમાં નજીકથી કામ કરવા માટે સંમત થયા હતા.

4. એફઓસી દરમિયાન સુષ્મા સ્વરાજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન સર્વિસ (એસએસઆઈએફએસ), ભારતના વિદેશ મંત્રાલય અને ડિપ્લોમેટિક ટ્રેનિંગ માટે વિશેષ શિક્ષણ ઉચ્ચ શિક્ષણ સંસ્થા (આઈઈઈએસએફઓઆરડી), અલ સાલ્વાડોરના વિદેશ મંત્રાલય વચ્ચે એમઓયુ પણ કરવામાં આવ્યા હતા.

5. આ મંત્રણા મૈત્રીપૂર્ણ અને હુંફભર્યા વાતાવરણમાં યોજાઈ હતી. બંને પક્ષો તેમના દ્વિપક્ષીય સંબંધોને વિસ્તૃત અને વધુ મજબૂત કરવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 17, 2021**

**DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.**